For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### એમ્બ્રોઈડરી બાદ હવે વિવિંગ-કમ્પોઝિટ યુનિટમાં પણ રવિવારની રજાની માથાકૂટ

# સાયણમાં હવે લૂમ્સના શ્રમિકોનો હંગામો

**પાંડેસરામાં** લક્ષ્મીપતિ ગ્રુપના યુનિટ બહાર હંગામો,પોલીસ પહોંચતાં ટોળાં વિખેરાયાં

**સાયણમાં** એર જેટ,વોટર જેટ યુનિટ વાળી ઇન્ડસ્ટ્રિયલ સોસાયટી ફરતે પોલીસ બંદોબસ્ત



(તસવીર : સતીષ જાદવ)

**આ બે મુખ્ય માંગણીઓ**

(1) સાપ્તાહિક રજા રવિવારે રાખવી
(2) 12ને બદલે આઠ કલાકની પાળી રાખવી

સુરત, સાયણ: શહેર અને આસપાસના ટેક્સટાઇલ ઉદ્યોગમાં કારીગરોની સાપ્તાહિક રજાનો મુદ્દો હવે ઉગ્ર બની રહ્યો છે. એમ્બ્રોઈડરી યુનિટોમાં રવિવારની રજાને લઈને ઊભા થયેલા વિવાદ બાદ હવે વિવિંગ અને કમ્પોઝિટ યુનિટોમાં પણ આ મુદ્દે હડતાળના ચમકારા જોવા મળ્યા છે. રવિવારે સાયણ ઇન્ડસ્ટ્રિયલ વિસ્તારમાં એરજેટ અને વોટરજેટ લૂમ્સના યુનિટોમાં કારીગરોએ કામ બંધ રાખી રવિવારની રજા સહિતની માંગો ઉઠાવતાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બીજી તરફ પાંડેસરા જીઆઈડીસીમાં લક્ષ્મીપતિ ગ્રુપના કમ્પોઝિટ યુનિટ બહાર પણ ટોળું એકત્ર થતાં પોલીસે પહોંચીને સમજાવટ કરી હતી.

સાયણની સીમમાં આવેલા વિવિંગ યુનિટોમાં કામ કરતા કારીગરોએ અઠવાડિયામાં એક દિવસ રવિવારે રજા આપવા, રવિવારે કામ લેવામાં આવે તો તે દિવસનું મહેનતાણું આપવા તેમજ વર્ષની હક રજાઓ સહિતની વિવિધ માંગો રજૂ કરી હતી. માંગણીઓ અંગે સંચાલકો સાથે સંમતિ ન બનતાં કેટલાક યુનિટોમાં કામદારોએ કામથી અળગા રહી વિરોધ નોંધાવ્યો હતો. કેટલાક સ્થળોએ કારખાનાં બંધ કરાવવાનો પ્રયાસ પણ કરવામાં આવ્યો હતો.

સાયણ ઈન્ડસ્ટ્રી વિસ્તારમાં આવેલા એરજેટ અને વોટરજેટ યુનિટોમાં કારીગરોના ટોળાં એકત્ર થતાં કારખાનેદારોમાં ચિંતા ફેલાઈ હતી. કારીગરો દ્વારા મશીનો બંધ રાખી રવિવારની રજા સહિતની માંગો સાથે હડતાળ કરવામાં આવી હતી. સ્થિતિ વણસે નહીં અને કોઈ મિલકતને નુકસાન ન થાય તે માટે કેટલાક યુનિટ સંચાલકોએ પોલીસને જાણ કરી હતી.

માહિતી મળતાં પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો અને પેટ્રોલિંગ

અનુસંધાન પાના 9 પર

**કતારગામ, પાંડેસરા અને સચિનમાં પણ પડઘો**

રવિવારની રજાની માગ હવે માત્ર સાયણ પૂરતી મર્યાદિત રહી નથી. કતારગામ જીઆઈડીસી, પાંડેસરા જીઆઈડીસી અને સચિન જીઆઈડીસીના કેટલાક વિવિંગ યુનિટોમાં પણ કારીગરોએ કામથી દૂર રહી પોતાની માંગ રજૂ કરી હોવાનું જાણવા મળ્યું છે. જોકે તમામ યુનિટોમાં કામકાજ સંપૂર્ણપણે બંધ થયું હોવાના બદલે અલગ-અલગ સ્થળે વિરોધ અને કામથી અળગા રહેવાની સ્થિતિ જોવા મળી હતી.

**એમ્બ્રોઈડરી બાદ વિવિંગમાં મુદ્દો પહોંચતા ઉદ્યોગકારોમાં ચિંતા**

સુરતના ટેક્સટાઇલ ઉદ્યોગમાં છેલ્લા કેટલાક સમયથી કામના કલાકો, સાપ્તાહિક રજા અને કાયદેસર વેતન જેવા મુદ્દાઓ ચર્ચાના કેન્દ્રમાં છે. અગાઉ એમ્બ્રોઈડરી યુનિટોમાં રવિવારની રજા અને આઠ કલાકની શિફ્ટ સહિતની માંગો સાથે કારીગરો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. હવે એ જ પ્રકારની માગ વિવિંગ અને અન્ય ટેક્સટાઇલ યુનિટોમાં પણ ઉઠતાં ઉદ્યોગકારોમાં ચિંતા વધી છે. એક તરફ કારીગરો સાપ્તાહિક રજાને પોતાના કાયદેસર હક તરીકે જોઈ રહ્યા છે, જ્યારે બીજી તરફ ટેક્સટાઇલ ઉદ્યોગના સતત ઉત્પાદન આધારિત કામકાજમાં રવિવારની રજા કેવી રીતે અમલમાં મૂકવી તે અંગે યુનિટ સંચાલકો માટે વ્યવહારિક પ્રશ્નો ઊભા થયા છે.

# સરોલીમાં લીફ્ટમાં લોકો ફસાયા અને '112'એ ફાયર ટીમને સારોલી મોકલી

**લિફ્ટમાં** ફસાયેલા 6 લોકો સુધી ફાયર મોડી પહોંચતા શ્વાસ રૂંધાવા લાગ્યો

**સરોલી**-સારોલીના નામમાં કંટ્રોલ રૂમ પણ ગૂંચવાયો




સુરત: 112 હેલ્પ લાઇને સર્જેલા ગોટાળાને કારણે સરોલીમાં છ લોકોએ આઠ કલાક સુધી લિફ્ટમાં ફસાઇ રહેવાનો વારો આવતા તેમનો શ્વાસ રૂંધાવા લાગ્યો હતો.

શનિવારે સાંજે સાડા સાત વાગ્યાના અરસામાં પુણાકુંભારીયા રોડ ભરત કેન્સર હોસ્પિટલ પાસે સરોલી વિસ્તારમાં આવેલા કુબેરજી વર્લ્ડ બિલ્ડિંગમાં લિફ્ટ ખોટકાઈ હતી. લિફ્ટમાં કૈલાશચંદ્ર (ઉં.વ. 46), ભુવનેશ (ઉં.વ. 17), રાજકુમાર ગુપ્તા (ઉં.વ. 38), રાઘવ (ઉં.વ.

અનુસંધાન પાના 9 પર

**ફાયર કંટ્રોલ રૂમે પીનકોડ પરથી લોકેશન શોધ્યું**

સુરત ફાયર કંટ્રોલ રૂમના કર્મચારીઓએ અંતે પિનકોડના આધારે સ્થળનું લોકેશન કન્ફર્મ કર્યું હતું. સરોલી પુણાગામ વિસ્તારમાં આવે છે, જ્યારે સારોલી ઓલપાડ વિસ્તારમાં આવે છે. બંને સ્થળોના નામમાં સામ્ય હોવાથી 112 મારફતે મળતા કોલમાં આવી ગૂંચવણ ઊભી થઈ રહી હોવાનું સામે આવ્યું છે.

**ફાયર વિભાગે સમસ્યાના ઉકેલ માટે વોટ્સએપ ગ્રુપ બનાવ્યું**

સુરત ફાયર વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ, ગત 27 સપ્ટેમ્બરથી રાજ્યમાં 112 ઇમરજન્સી સેવા શરૂ કરવામાં આવી છે. જોકે સેવા શરૂ થયા બાદ ઇમરજન્સી કોલમાં સ્થળના લોકેશનને લઈને ગૂંચવણ ઊભી થતી હોવાના અનેક કિસ્સાઓ સુરત ફાયર કંટ્રોલ રૂમના ધ્યાને આવ્યા છે. 112 સેવા શરૂ થઈ તે પહેલાં સુરત ફાયર વિભાગને મળતા ઇમરજન્સી કોલમાં પ્રતિસાદનો સમય ઓછો રહેતો હતો અને કોલની વિગતો તથા સ્થળની માહિતી વધુ સ્પષ્ટ રીતે મળતી

અનુસંધાન પાના 9 પર

### સુરતમાં 90 જૈન સંઘોની ભવ્ય રથયાત્રા, રસ્તા પર ભક્તોની ભીડ




■ મહાસંઘના નેજા હેઠળ આજે સુરતમાં 90 જૈન સંઘોની ભવ્ય સામૂહિક રથયાત્રા યોજાતા શહેરમાં જૈન ધર્મ અને સંસ્કૃતિનો માહોલ છવાઈ ગયો હતો. ગોપીપુરાથી પ્રસ્થાન પામેલી રથયાત્રામાં 90 રથ ઉપરાંત વિવિધ મંડળીઓ અને પાઠશાળાના બાળકોએ રજૂ કરેલી સાંસ્કૃતિક કૃતિઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી. રથયાત્રામાં રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી અને ધારાસભ્ય સંગીતાબેન પાટીલ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ગોપીપુરાથી નીકળેલી રથયાત્રા કૈલાશનગર, અઠવાગેટ અને લાલબંગલા થઈ પાલ સ્થિત અડાજણની પાવન રામભૂમિ ખાતે પહોંચી હતી. (તસવીર: સતીષ જાદવ)

# પારસી પંચાયતની કરોડોની જમીન માટે ખેડૂત બનવાનો ખેલ

**પીપલોદના** ફોર સીઝનમાં રહેતા દિનશા ઘડિયાળી સામે ગુનો

સુરતઃ સુરત પારસી પંચાયતની કરંજ વિસ્તારમાં આવેલી કરોડોની કિંમતની જમીનને ગણોતિયા તરીકે મેળવવા માટે ખેડૂત ન હોવા છતાં કથિત રીતે બનાવટી દસ્તાવેજો ઊભા કરી સરકારી રેકર્ડમાં પોતાનું નામ ખેડૂત તરીકે દાખલ કરાવનાર સામે ગુનો નોંધાયો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સુરત પારસી પંચાયતની ઉમરવાડા તથા કરંજ વિસ્તારમાં આવેલી તેની જમીનો, મિલકતો અને પેટા સંસ્થાઓનો વહીવટ ટ્રસ્ટીઓ દ્વારા કરવામાં આવે છે. આ જમીનોની દેખરેખ અગાઉ મિનોચર સૌરાબખાન અને બાદમાં તેમના વારસદાર બહેરામશા સૌરાબખાન સંભાળતા હતા. વર્ષ ૨૦૦૫માં બહેરામશાના અવસાન બાદ તેમના કહેવાતા વીલના આધારે દિનશા કાવસજી ઘડીયાળીએ કરંજ સર્વે નં. ૧૬ની પારસી પંચાયતની જમીનમાં પોતાનું નામ ગણોતિયા તરીકે દાખલ કરાવવા સુરત કૃષિપંચ (ગણોત) કોર્ટમાં કેસ દાખલ કર્યો હતો. ફરિયાદમાં જણાવ્યા મુજબ, દિનશા ઘડીયાળી ખેડૂત નહીં હોવા છતાં દહેગામ તાલુકાના બદપુર ગામના જમીનમાલિક છબાભાઈ અમરાભાઈ ઠાકોરને ત્રણ જ પુત્રો હોવા છતાં તેમના ચોથા પુત્ર તરીકે 'કાવાસભાઈ છબાભાઈ'નું નામ દર્શાવવામાં આવ્યું હતું. ત્યારબાદ કાવાસભાઈની પત્ની તરીકે ખોરસદબેન અને તેમના પુત્ર તરીકે દિનશા કાવસજીનું નામ દર્શાવતું સોગંદનામું તૈયાર કરી નોટરી કરાવાયું હોવાનો ફરિયાદમાં આક્ષેપ છે.

આ રીતે મેળવેલા દસ્તાવેજો અને ૭/૧૨ના ઉતારાના આધારે દિનશા ઘડીયાળીએ ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના કોટીયા ગામની સર્વે નં. ૬૩ પૈકી ૩ની જમીન વેચાણ દસ્તાવેજથી ખરીદી હતી. ત્યારબાદ બદપુરની જમીન પરનો પોતાનો હક્ક જતો કરી નામ કમી કરાવ્યું હતું અને કોટીયા ગામના જમીન રેકર્ડમાં પોતાનું નામ માલિક તરીકે દાખલ કરાવ્યું હતું. કોટીયા ગામની જમીનના માલિક તરીકે મેળવેલા દસ્તાવેજોનો ઉપયોગ કરંજ સર્વે નં. ૧૬ની પારસી પંચાયતની જમીન અંગે સુરત કૃષિપંચ કોર્ટમાં ચાલી રહેલા ગણોત કેસમાં પુરાવા તરીકે કરવામાં આવ્યો હતો. આ સમગ્ર મામલે લાલગેટ ના શાહપોરમાં રહેતા ડૉ. હોમી દારબશાહ દુધવાલા અમદાવાદના દહેગામ પોલીસમાં અરજી આપતા પોલીસે દિનશા કવાસજી ઘડિયાળી (રહે. ફોર સીઝન એપારમેન્ટ, પીપલોદ) વિરુદ્ધ ગુનો નોંધી ફરિયાદ વરાછા પોલીસને ટ્રાન્સફર કરી છે.

# પત્ની પેટ પર પડતાં આરામ કરી રહેલા પતિનું મોત

**બારી** સાફ કરતી પત્નીનું સંતુલન બગડતાં નીચે પટકાઇ હતી

સુરતઃ ઊન પાટિયા વિસ્તારમાં બારી સાફ કરતી વખતે પત્નીનું સંતુલન બગડી જતાં બેડ પર આરામ કરી રહેલા પતિના પેટ પર પડવાની વિચિત્ર ઘટના બની હતી. આ અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા વૃદ્ધ પતિનું સારવાર દરમિયાન મોત થયું હતું.

મૂળ મહારાષ્ટ્રના વતની સલીમ ભીખન ખટીક (80 વર્ષ) હાલમાં ઊન પાટિયા વિસ્તારમાં આવેલા સોયેબનગરમાં પાંચ સંતાનો સહિતના પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત્ત જીવન જીવતા હતા. ગત 21 સપ્ટેમ્બરના રોજ સવારે સલીમ બેડ પર આરામ કરી રહ્યા હતા. દરમિયાન તેમના પત્ની ફરીદા બેડ પર ચડીને બારી સાફ કરી રહ્યા હતા. બારી સાફ કરતી વખતે અચાનક ફરીદાએ સંતુલન ગુમાવતાં તેઓ સલીમના પેટ ઉપર પટકાયા હતા. આકસ્મિક રીતે પત્નીનું વજન પેટ પર પડતાં સલીમને ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને તાત્કાલિક સારવાર માટે બે અલગ-અલગ ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, સારવાર દરમિયાન તેમની તબિયત વધુ લથડતાં આજે સવારે તેમનું મોત થયું હતું.

સલીમના મૃતદેહનું નવી સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. પોસ્ટમોર્ટમ કરનાર ડોક્ટર રાજેન્દ્ર સોલંકીના જણાવ્યા મુજબ, અકસ્માતમાં સલીમના લિવરને ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાના કારણે લિવર ફાટી જતાં પેટમાં લોહી જમા થયું હતું. આ ગંભીર ઈજાઓના પગલે તેમનું મોત થયું હોવાનું પ્રાથમિક રીતે સામે આવ્યું છે.

# SMCના અધિકારીએ IPOમાં નફો મેળવવા 27 લાખ ગુમાવ્યા

**વોટ્સએપ** ગ્રુપમાં જોડ્યા બાદ 'AMANSA PTE' એપ ડાઉનલોડ કરાવી રોકાણ કરાવ્યું

સુરત : શેરબજાર અને IPOમાં ઊંચું વળતર અપાવવાની લાલચ આપી સુરત મહાનગરપાલિકાના મદદનીશ જંતુનાશક અધિકારી સાથે રૂપિયા 27 લાખની ઓનલાઈન ઠગાઈ થયાની ઘટનામાં સાયબર સેલે દોઢ વર્ષ બાદ ગુનો નોંધ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, અલથાણના ન્યૂ સિટી લાઈટ રોડ પર શિવાલીક એપાર્ટમેન્ટમાં રહેતા અને મનપાની સરથાણા વહીવટી કચેરીમાં મદદનીશ જંતુનાશક અધિકારી તરીકે ફરજ બજાવતા 55 વર્ષીય જીતેન્દ્રભાઈ દ્વારકાદાસ પટેલને 22 એપ્રિલ 2025ના રોજ વોટ્સએપ પર એક અજાણી લિંક મળી હતી. લિંક પર ક્લિક કરતાં તેઓ 'E9 Book Discussion VIP Exchange Group' નામના વોટ્સએપ ગ્રુપમાં જોડાયા હતા. આ ગ્રુપમાં જયકુમાર વર્મા અને 'અવની' નામથી વ્યક્તિઓએ એડમિન તથા એકાઉન્ટ મેનેજર તરીકે વાતચીત કરી હતી. શરૂઆતમાં શેરબજાર અંગેની ટિપ્સ આપી થોડો નફો કરાવી ફરિયાદીનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. વિશ્વાસ કેળવ્યા બાદ ફરિયાદીને 'AMANSA PTE' નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી તેમાં ડીમેટ એકાઉન્ટ બનાવડાવવામાં આવ્યું હતું. ત્યારબાદ તેમને 'VIP59 Investment Alliance Study Group' તથા 'B3 VIP Investment Alliance Study Group' જેવા અન્ય વોટ્સએપ ગ્રુપમાં પણ જોડવામાં આવ્યા હતા. ઠગ ટોળકીએ QIB અને IPOમાં 100થી 200 ટકા સુધીનો નફો અપાવવાની લાલચ આપી હતી. આ રીતે ફરિયાદી પાસેથી બંધન બેંક, IDFC ફર્સ્ટ બેંક અને યસ બેંક સહિતની બેંકોના અલગ-અલગ ખાતામાં કુલ રૂપિયા 27 લાખ ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. ફરિયાદીએ રોકાણ કરેલી રકમ તથા નફો પરત મેળવવાની માગણી કરતાં આરોપીઓએ વધુ રૂપિયા 58 લાખ ભરવાનું દબાણ કર્યું હતું. આટલી મોટી રકમની વધુ માગણી થતાં ફરિયાદીને પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાયું હતું.

ત્યારબાદ તેમણે રાષ્ટ્રીય સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર 1930 પર સંપર્ક કરી ઓનલાઈન ફરિયાદ નોંધાવ્યા બાદ દોઢ વર્ષે આ મામલે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

# દીકરીને બોલ વાગતા ૯ વર્ષના બાળકને લાફા ઝીંકી દીધા

**અલથાણની** રાજહંસ સિમ્ફોનીયામાં બાળકને જાતિ વિષયક શબ્દો કહી માફી મંગાવનારની ધરપકડ

સુરત : અલથાણ સ્થિત રાજહંસ સિમ્ફોનીયા સોસાયટીમાં રમતી વખતે બોલ એક વ્યક્તિની દીકરીને વાગી જતાં નજીવી બાબતે સોસાયટીના જ રહીશે ૯ વર્ષના બાળકને ૫થી ૬ લાફા મારી નીચે પાડી દીધો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. એટલું જ નહીં, બાળકને જાતિ વિષયક અપમાનજનક શબ્દો કહી પોતાની દીકરીની હાજરીમાં માફી મંગાવ્યાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. બાળક ગભરાઈ જતાં અને તબિયત લથડતાં તેને હોસ્પિટલમાં સારવાર અપાવવામાં આવી હતી. આ મામલે અલથાણ પોલીસે એટ્રોસિટી એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

ફરિયાદ મુજબ, રાજહંસ સિમ્ફોનીયા બિલ્ડિંગના એક ફ્લેટમાં રહેતા અને પી.ટી. સાયન્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પરિવારનો ૯ વર્ષનો પુત્ર હિતાર્થ ૨ ઓક્ટોબર ૨૦૨૬ની રાત્રે સાડા આઠ વાગ્યાના અરસામાં સોસાયટીની સી અને ડી વિંગ વચ્ચે આવેલા કિડ્સ ઝોનમાં મિત્રો સાથે રમવા ગયો હતો. તે દરમિયાન બાળકો 'સ્માઈલી બોલ'થી રમી રહ્યા હતા. રમતી વખતે બોલ ભૂલથી ત્યાં હાજર વર્ધાન અમરીશભાઈ શાહની પુત્રીને વાગતા તેમણે બાળકને ૫થી ૬ લાફા માર્યા અને તેને નીચે પાડી દીધો હતો. ફરિયાદમાં વધુમાં જણાવ્યા મુજબ, માર માર્યા બાદ આરોપીએ બાળકને જાતિ વિષયક અપમાનજનક

અનુસંધાન પાના 9 પર

# સુરતના સોલિડ વેસ્ટના નિકાલ સાથે સંકળાયેલી કંપની સામે CBIમાં ગુનો

**હંજર** બાયોટેક સામે PNBની 135 કરોડની લોન અન્ય હેતુમાં વાપરી હોવાનો આક્ષેપ

**સુરત** મહાનગરપાલિકાના મિક્સ સોલિડ વેસ્ટના પ્રોસેસિંગ સાથે હંજર બાયોટેક જોડાયેલી છે

**સુરતમાં કંપનીનું જોડાણ ખજોદ સોલિડ વેસ્ટ પ્રોસેસિંગ પ્રોજેક્ટ સાથે રહ્યું છે**

હંજર બાયોટેકનું નામ સુરત માટે એટલા માટે પણ મહત્વનું બની જાય છે કે કંપનીનો મુખ્ય વ્યવસાય જ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટના ખજોદના પ્રોસેસિંગ અને રિસાયક્લિંગ સાથે જોડાયેલો રહ્યો છે.કંપની મિશ્ર ઘન કચરામાંથી બાયો-ઓર્ગેનિક ફર્ટિલાઇઝર, રિસાયકલ પ્લાસ્ટિક, રેસિડ્યુઅલ સેન્ડ અને ગ્રીન ફ્યુઅલ જેવા ઉત્પાદનો બનાવવાની ટેક્નોલોજી સાથે સંકળાયેલી છે.

સુરત : સુરતના ઘન કચરા વ્યવસ્થાપન ક્ષેત્ર સાથે લાંબા સમયથી જોડાયેલી હંજર બાયોટેક એનર્જીસ પ્રાઇવેટ લિમિટેડ સામે પંજાબ નેશનલ બેંક (PNB) સાથે સંકળાયેલા કથિત 93.44 કરોડના નાણાકીય કૌભાંડમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI)એ મુંબઈમાં ગુનો નોંધાવ્યો છે CBIના જણાવ્યા મુજબ કંપની, તેના ડિરેક્ટરો અને જામીનદારો સામે 135 કરોડની ટર્મ લોન સંબંધિત કથિત ગેરરીતિની તપાસ શરૂ કરવામાં આવી છે.

CBIના જણાવ્યા મુજબ આરોપીઓએ સંબંધિત પક્ષની ઇન્વોઇસના આધારે 135 કરોડની ટર્મ લોન મેળવી અને લોન જે હેતુ માટે મંજૂર કરવામાં આવી હતી તે સિવાય અન્ય હેતુઓ માટે નાણાં ડાયવર્ટ અથવા સગેવગે કર્યા હોવાનો આક્ષેપ છે. આથી બેંકને આશરે 93.44 કરોડનું નુકસાન થયું હોવાનો ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો છે.

CBIના જણાવ્યા પ્રમાણે PNBની

અનુસંધાન પાના 9 પર

# સરોલીની કાપડ પેઢીનું કરોડો રૂપિયામાં ઉઠમણું

**વેપારી** ઉઘરાણી કરવા દુકાને ગયા ત્યારે ખબર પડી કે દુકાન બંધ કરી ભાગી ગયા છે

**સિટીલાઇટરોડના** વેપારીએ ફેશન ફીના સંચાલકો અને દલાલો સામે ૧.૨૪ કરોડની ઠગાઇની ફરિયાદ કરી

સુરતઃ સારોલી વિસ્તારમાં આવેલી કૂબેરજી ટેક્સટાઈલ વર્લ્ડમાં 'ફેશન ફી' નામે કાપડનો વેપાર કરતા દંપતી અને દલાલે સંગઠિત થઈને ખટોદરાના કાપડ વેપારીની ત્રણ અલગ-અલગ ફર્મમાંથી કુલ રૂ. ૧.૨૪ કરોડથી વધુની મત્તાનું ગ્રે કાપડ ખરીદી ઉઠામણું કર્યાનો ગંભીર કિસ્સો સરથાણા પોલીસ મથકે નોંધાયો છે.

ખટોદરાના સત્યમ એપાર્ટમેન્ટમાં રહેતા અને પલસાણાના મખીંગા ગામે કાપડની ત્રણ ફર્મ ('સાંઈ ગોગા ક્રિએશન', 'સરસ્વતી ક્રિએશન' અને 'પ્રતીક ક્રિએશન') ધરાવતા ૫૪ વર્ષીય ભરતભાઈ બાબુલાલ પટેલ છેલ્લા ૨૨ વર્ષથી કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા છે. માર્ચ-૨૦૨૬માં કાપડ દલાલ રામશરણ યાદવે તેમનો સંપર્ક કરી માર્કેટના નિયમ મુજબ સમયસર પેમેન્ટ અપાવવાની ખાતરી આપી સારોલી સ્થિત શ્રી કુબેરજી ટેક્સટાઈલ વર્લ્ડ-૧ માં આવેલી દુકાન નં. ન્યુ/જી-૪૨ ખાતે લઈ ગયા હતા. ત્યાં દલાલે 'ફેશન ફી' ફર્મના ભાગીદાર

અનુસંધાન પાના 9 પર

**સુરત ક્ષત્રિય દુઃખદ અવસાન - બેસણું**



વર્ષાબેન
બીપીનચંદ્ર ખરવર
સ્વ.તા. 03-10-2026

દિલગીરી સાથે જણાવવાનું કે અમારા
માતૃશ્રી વર્ષાબેન બીપીનચંદ્ર ખરવર
તા. 03/10/2026 શનિવારના રોજ દેવલોક પામ્યા છે.
:: સદગતનું બેસણું ::
તા. ૦૫/૧૦/૨૦૨૬, સોમવાર, સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યે રાખવામાં આવ્યું છે.
બેસણાનું સ્થળ : સીંગાપુરી ની વાડી, AC હોલ, રૂસ્તમપુરા, સુરત.
લિ.શોકાતુર,
સંદિપ બીપીનચંદ્ર ખરવર રેખાબેન સંદિપ ખરવર
સુનિલ બીપીનચંદ્ર ખરવર વિરલબેન સુનિલ ખરવર
અભિષેક સંદિપભાઈ ખરવર જ્યોતિબેન અશોકકુમાર બાટલાવાલા
તથા સમસ્ત ખરવર પરિવાર

**અવસાન,બેસણું,શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ 3000/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**લેઉવા પાટીદાર અવસાન**



સ્વ. હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
(સ્વ. તા. ૦૪/૧૦/૨૦૨૬)

દિલગીરી સહ જણાવવાનું કે
અમારા મોટાભાઈ / પિતાશ્રી
હિમાંશુભાઈ વિનોદભાઈ પટેલ
નું તા. ૦૪/૧૦/૨૦૨૬ ને રવિવાર
નારોજ દુઃખદ અવસાન થયેલ છે,
પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ
અર્પે એજ પ્રાર્થના.

સ્મશાન યાત્રા : તા. ૦૬/૧૦/૨૦૨૬ ને મંગળવાર ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે અમારા નિવાસ સ્થાનેથી વિરાવળ (નવસારી) સ્મશાન ઘાટ જશે.

॥ સદ્ગતનું સંયુક્ત બેસણું ॥
તા. ૦૮ અને ૦૯ ઓક્ટોબર ૨૦૨૬
(ગુરુવાર તથા શુક્રવાર)
સવારે ૧૦:૦૦ થી ૫:૦૦ દરમ્યાન
અમારા નિવાસ સ્થાને રાખેલ છે.
(લૌકિક રિવાજ સદંતર બંધ છે)

શ્વસુર પક્ષ :
ગં.સ્વ. પ્રભાબેન ઈશ્વરભાઈ પટેલ
સંદિપ ઈશ્વરભાઈ પટેલ
ભાવિકા સંદિપ પટેલ
ઓમ, સાંઈ
તા. જી. નવસારી

શોકાતુર :
ગં.સ્વ. પદમાબેન વિનોભાઈ પટેલ (માતા)
ગં.સ્વ. નિલાબેન હિમાંશુભાઈ પટેલ (પત્ની)
ચેતનભાઈ વિનોદભાઈ પટેલ (ભાઈ)
જ્યોત્સનાબેન ચેતનભાઈ પટેલ (વધુ)
અનિષાબેન હિમાંશુભાઈ પટેલ (પુત્રી)
વિવેક ચેતનભાઈ પટેલ (ભત્રીજો)

॥ નિવાસ સ્થાન ॥
ગામ: વેલણપુર, તા. અંબિકા, જી. સુરત.

**૩૭મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ છઠ્ઠી પુણ્યતિથિએ**



સ્વ. શાંતિલાલ ઝવેરભાઈ રાણા
દેહવિલય : તા.૨૪/૦૯/૧૯૮૯ ભાદરવા વદ દશમ

પાંપણ ઝુકેને તમને નમન થઈ જાય, મસ્તક ઝુકેને તમને વંદન થઈ જાય, યાદ કરીએ તમને અને આંખો ભીની થઈ જાય, અમે એવી નજર ક્યાંથી લાવીએ કે તમને યાદ કરીએ ને તમારા દર્શન થઈ જાય, પ્રભુ આપનાં દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ. લાજવંતી અને અરવિંદ શાંતિલાલ રાણા(ધારાસભ્ય)
ઉષાબેન અને રમેશ શાંતિલાલ રાણા
દક્ષાબેન અને મનહર શાંતિલાલ રાણા
રોશની અને વિનય રમેશ રાણા
રીયા અને ફેનિલ મનહર રાણા
સુશીલાબેન, કલાબેન, લતાબેન



સ્વ. સવિતાબેન શાંતિલાલ રાણા
દેહવિલય : તા.૦૧/૦૪/૨૦૨૧ ફાગણ વદ ચોથ

નિશા, મોહિની, રાધિકા, કશ્યપ, સાચી, આરવ, આર્યન, નક્ષ, ઝીવા, દિવ્યાંશ, યાશિકા અને કુટુંબીજનો, મિત્રો તથા સવિતા ઓફસેટનો સ્ટાફ
કોટસફીલ રોડ, મ્યુ. શોપીંગ સેન્ટર નજીક, સુરત

**ભાવભીની શ્રદ્ધાંજલિ**



સ્વ. ચંદ્રવદન મોહનલાલ હાથીવાલા
સ્વ. તા. 03-10-2026

તમારો હસમુખો સ્વભાવ, આપણી અતૂટ મિત્રતા અને સાથે વિતાવેલી અમૂલ્ય પળો અમારા સૌ મિત્રોના હૃદયમાં સદા માટે યાદગાર રહેશે.
પરમકૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એ જ અમારી પ્રભુને પ્રાર્થના.
શોકાતુર
સ્વ. પ્રકાશચંદ્ર બી. કાંટલીવાલા લીલાવતીબેન પી. કાંટલીવાલા
સ્વ. વિનોદચંદ્ર એલ. હાથીવાલા શકુંતલાબેન વી. હાથીવાલા
તુલસીદાસ જે. ઝવેરી ભાનુબેન તુ. ઝવેરી
બીપીનચંદ્ર (રાજા) એન. હાથીવાલા પ્રવીણા બી. હાથીવાલા